ઓક્ટોબર- ૨૦૨૪
અંક – ૬૨

GSECL

# અરુણોદય



સંપાદકીય બોર્ડ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


અનુક્રમણિકા


- ગાંધીનું કોમ્યુનિકેશન રાષ્ટ્ર સેવાનો આયામ
- સ્વચ્છ ભારત
- બીજાના વિનાશની ઈચ્છા ઘાતક
- નવરાત્રિના બદલાતા તેવર
- ચાર ખાડા
- પુનર્જન્મ અને કર્મફળ
- શાળાની પ્રવૃત્તિઓ
- વિશેષ


ડિઝાઈન:- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ‘‘અરૂણોદય’’ ઓકટોબર-૨૦૨૪ ,અંક-૬૨ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઇપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું. - તંત્રી



# ગાંધીનું કોમ્યુનિકેશન રાષ્ટ્ર સેવાનો આયામ



**Dr. Parth Patel**
Assistant Manager
Public Relations ,GMDC

દુનિયાના શ્રીમંત વ્યક્તિ બીલગેટ્સ પણ કબૂલેછે કે,સફળતાની ચાવી માસકોમ્યુનિકેશનમાં રહેલીછે. રાજનીતિમાં પડેલા નેતાઓ પોતાના એજન્ડા પારપાડવા માસકોમ્યુનિકેશનના સહારે જનતાના હૃદયને ઢંઢોળે છે. એક વિદ્વાન પોતાની વિદ્વતાને પ્રદર્શીત કરવા કોમ્યુનિકેશનનો સહારો લે છે.એક સફળ સેલ્સમેન પોતાની પ્રોડક્ટના પ્રચાર-પ્રસારમાટે કોમ્યુનિકેશનનો આશરો લે છે. એક સાંસારિક માનવ પોતાની પ્રતિષ્ઠા સમાજમાં બળવત્તર રાખવા કોમ્યુનિકેશનનો સહારો લે છે. પરંતુ ગાંધી જે પોતાની આત્મકથામાં એમ કહે – “મોસ મકૌન કુટિલ ખલકામિ” તે જ્યારે નખશિખ ‘મારું જીવન એજ મારો સંદેશ’ ના ગાંધી બ્રાન્ડ થકી પ્રત્યાયનના ઘોડાપૂર વહેતાં કરે ત્યારે આ બધું શેના માટે? કોના માટે? શું પ્રાપ્ત કરવા માટે? ગાંધી નું લક્ષ્ય શું ? એ પ્રશ્ન થાય.ગાંધીના જન્મથી મૃત્યુ સુધીના જીવનનો રાહ,એક-એક પળનો ઈતિહાસ રાષ્ટ્ર સેવામાં સમર્પિત છે.

ગાંધી આખરે માણસ હતા.માનવ સહજ મર્યાદાઓ વચ્ચે પણએ વિશ્વ વિભૂતિ બનીને રહ્યા. આલબર્ટઆઈન્સ્ટાઈન જેવા મહાન વિજ્ઞાની,ભાવિ પેઢીઓ માટે આવો કોઈ હાડમાસનો માણસ આ ભોમ પર વિહરી ગયાની કલ્પના કરવાનું પણ અશક્ય બનશે,એવુંક હીજાય ત્યારે, ગાંધીનું કયું સ્વરૂપ માન્ય રાખવું?

"મારા માટે રાષ્ટ્રપ્રેમ અને માનવતા બંને સરખાં છે. હું દેશ પ્રેમી છું કારણકે હું માનવતાનો પૂજારી છું- હું માનવ છું"- ગાંધીના આ શબ્દો ગાંધીના કોમ્યુનિકેશનને રાષ્ટ્રસેવા સાથે માનવતાની સેવામાં સમર્પિત કરે છે.ગાંધી માનવ ઉર્ધ્વીકરણના પ્રણેતા છે.

ગાંધીના પોતડી પહેરવેશનું પ્રત્યાયન છેવાડાના માનવીને હૈયા ધારણા આપે છે -"હું તમારી સાથે છું, તમારી વચ્ચેજ તમારા જેવોજ થઈ ,હમ દર્દ થઈ જીવું છું ".ચશ્માંનું કોમ્યુનિકેશન એટલે સ્વચ્છતાનો સંદેશ. સાદી સરળ પ્રભાવક ભાષામાં વાણીની તાકાત, વિશ્વ કલ્યાણમાં વિચારની તાકાત અને મારું જીવન એ જ મારો સંદેશમાં વ્યક્ત થઇ છે વર્તનની તાકાત. આમ આ ત્રણેય તાકાતના પ્રત્યાયને ગાંધીને વિશ્વ મહામાનવના શિખરે પહોંચાડ્યા છે. જેલમાં જનરલ સ્મટ્સના સેન્ડલસીવનાર ગાંધી પારદર્શક – આરપાર અજાતશત્રુનો

સંદેશ આપે છે. અંગ્રેજોને કહે ભારત છોડો અને અંગ્રેજો માટે દિલમાં જરાય વેરભાવ નહીંનો સંદેશ 'સર્વમિત્ર' ગાંધીનું પ્રત્યાયન છે. ભારતીય સાંસ્કૃતિક ધારાનો પયગામ છે.

ગાંધી નામ તાનુસારપત્રકારત્વનો આદર્શ જનમાનસને શિક્ષિત કરવું છે.નહીં કે બિનજરૂરીકે જરૂરી છાપ ઊભી કરવી. 'તમે મોહનદાસ આપ્યા, અમે વિશ્વને મહાત્માગાંધી આપ્યા'- નેલ્સનમંડેલાના આ શબ્દોમાં આફ્રિકામાં ગાંધી એ આદરેલા મહાન કાર્યોનો પ્રભાવ બોલે છે.અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ ક્લિન્ટને કહ્યુંછે કે, માર્ટીનલ્યુથરકિંગ જો ગાંધી વિચારોના પ્રભાવ હેઠળ આવીને અમેરિકાની નીગ્રોની લડતને અહિંસક સ્વરૂપે સફળતા સુધી ન લઈ ગયા હોતતો હિંસક ક્રાંતિથી અમેરિકાનો ઈતિહાસ જુદો હોત. આ ગાંધીના વિચારશસ્ત્રો એ પહોંચાડેલો પ્રેરણાનો પરચો છે.

ગુલામ ભારતની જંજીરો તોડવા વિવિધ કાર્યક્રમ આપનાર ગાંધી પ્રત્યાયક અને ચિંતક તરીકે તેના સમયની માંગના સંદર્ભોના પડઘા પાડે છે. સત્ય, અહિંસા અને ખાનગી પ્રમાણિકતાના અર્થ સંકેતો એ આરપાર, પારદર્શક, નિખાલસ, દંભ રહિત સહૃદયી ગાંધીના ધબકારા વિશ્વને સંભળાવ્યા છે. સત્તા માટે નહીં સેવા માટેનું પ્રત્યાયન. કોઈ ની પાસે અપેક્ષા જ નહીં અને કોઈ શત્રુ નહીંની ગાંધી બ્રાન્ડ સમક્ષ અંગ્રેજ સલ્તનત પાણી ભરે એમાં શી નવાઈ? ભૂલ કબૂલ કરવી, ફરી ભૂલ નહીં કરવાની સમર્પિતતા સાથે, ઉચ્ચ માનવીય મૂલ્યો સાથે પોતાની જાતને સરખાવી, 'સ્વયં સુધારણા યજ્ઞમાં ' ઉર્ધ્વ તિમાં રહીને મહામાનવનાં શિખરો સર કરવાની માસ્ટર કીનો ગાંધી સંદેશ 'વાલિયા માંથી વાલ્મિકીનો ઉત્ક્રાંતિ પુરુષાર્થ' વ્યક્ત કરે છે.

હેડ, હાર્ટ અને હેન્ડ સાથે "સા વિદ્યાયા વિમુક્તયે ' આ ધરાની ધૂળનો સાદ છે. તેમના સાહિત્યમાં ક્યાંય વિકાસ શબ્દ ન બોલનાર ગાંધી એ માનવ અને વિશ્વના ટકાઉ વિકાસની ક્ષિતિજોનાં દર્શન કરાવ્યાં છે.

આઝાદી લડવૈયા ગાંધી, સમાજ સુધારક ગાંધી , વિશ્વ માનવ ગાંધી- એક પ્રત્યાયકનો આ છે શાશ્વત સંદેશ . ભાગલા સમયે થયેલા તોફાનોમાં શાંતિ અને સંવાદિતા માટે ગાંધીની અનન્ય સેવા માટે વિશ્વના સૌથી સબળ સામ્રાજ્યના ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટ બેટનના શબ્દોછે- "In the Punjab we have 55000 soldiers and large scale rioting in our hands. In Bengal our forces consist of one man and there is no rioting'- આ છે વનમેન આર્મી ગાંધીના સદભાવના બ્રાન્ડ બિલ્ડિંગનો પરચો. ગાંધીએ જે ક્ષેત્રમાં નજર દોડાવી ત્યાં બ્રાન્ડ બિલ્ડિંગનો ચમત્કાર સર્જ્યો છે. માર્કેટિંગ નથી, ગ્રાહક કે ટાર્ગેટ ઓડિયન્સની ચિંતા નથી, ફક્ત માનવતા માટેના હમદર્દની ઊંડી પ્રતીતિ છે. 30 જાન્યુઆરી 1948 એ મૃત્યુ નથી ,તે છે ગાંધીના ઉર્ધ્વરોહણનો શાશ્વત સંદેશ.

રાયચંદભાઈ ,રસ્કીન અને ટોલ્સ્ટોયની પ્રેરણા પરબના પીધેલા અમૃત ગાંધીનો સર્વોદય બની અંત્યોદયના યજ્ઞની મહેંક પ્રસરાવે છે. સત્યને એવરેસ્ટ સર કરવાની ઈચ્છા થઈ અને તેણે ગાંધીને પકડ્યા અને ગાંધીએ સત્યમેવ જયતે સાથે 'ઈશ્વર એ જ સત્ય અને સત્ય એ જ ઈશ્વર' ના શાશ્વત મૂલ્યોના સંદેશાઓથી

વિશ્વને ભરી દીધું. ગાંધી જ્યાં ગયા તે તીર્થસ્થાન, જ્યાં બેઠા ત્યાં મંદિર, ગાંધીવિચારએ વિચાર મૂલ્ય,ગાંધીના પગલાં એ ઈતિહાસે સમયની રેત પર અમરતાની ઝીલેલ છાપ – આ છે ગાંધીના સનાતન લેખ. યંગ ઈન્ડિયા, નવ જીવન તેમનો દૃષ્ટિકોણ પહોંચતો કરવાનાં શક્તિશાળી વાહન- માધ્યમ બની રહ્યાં છે. ગાંધી માટે પત્રકારત્વ પેટીયું રળવા માટે નું નહીં પણ જન સેવાનું ટૂલ છે. લખાયેલ શબ્દોનો અસર કારક ઉપયોગ અને જાહેરમતનું નિર્માણ સંવર્ધનના પ્રયોગો દક્ષિણ આફ્રિકામાં તે ઓયોગ્યરી તે આદરીને પોતાના વ્યૂહની સફળ અભિવ્યક્તિ કરી રહ્યાં હતા. 50 વર્ષ સુધી બિનજરૂરી એક પણ શબ્દ ન લખનાર અને ન બોલનાર વિવેકી કલમ અને જીભનો સ્વામી સવ્યસાચિબની ચાર ચાંદલગાવનાર પત્રકાર ગાંધી માટે મુનશી જ્યારે કહે છે કે, “તેમના સાહિત્યને લોકો રામાયણ-મહાભારત જેટલી શ્રદ્ધાથી વાંચે છે ત્યારે વાલ્મિકી –વેદ વ્યાસ અને માતા બાળકનું ઘડતર કરે તેવી સંવેદના વ્યક્ત થઈ છે.” ગાંધીનું હાસ્ય જાણે નવજાત શિશુનું ખળખળ વહેતું સ્મિતનું ઝરણું, પ્રાર્થના, મૌન, ધ્યાન, ધાર્મિક વાંચન, રામ નામ પર શ્રદ્ધા, કુદરતી ઉપચાર વગેરે ઇન્ટરા પર્સન પ્રત્યાયન છે. બોડી લેન્ગવેજ, વિચારો, લખાણ, ભાષણો, સ્વાતંત્ર ચળવળના કાર્યક્રમો ,સમાજ સુધારણા વગેરે ઈન્ટર પર્સન વ્યક્તિઓ વચ્ચેનું અને સમૂહ પ્રત્યાયનની ગાંધી પ્રત્યાયન યાત્રાના દ્યોતક છે. વન ટૂ વન, વન ટૂ ઓલનો ‘કોમ્યુનિકેશનપાવર’ વ્યક્ત થાય છે. છેવાડાના માનવ સુધી પહોંચેલો આ કોમ્યુનિકેશનનો પ્રવાહ ગાંધી વિચાર બની ગાંધી જનના નિર્માણમાં વ્યક્ત થયો છે.

અંધારા ઓરડામાં જતાં ડરતો મૂઠી હાડકાંનો માનવી, રામ નામ ના સહારે અંગ્રેજ સલ્તનતનાં મૂળિયાં ઉખેડી નાંખે છે, અને સત્ય અહિંસાના પાઠ ભણવા પોરબંદરની ધૂળમાં દુનિયા ભરના ખેરખાંઓ માથાં રગડેછે –તે છે ગાંધીના કોમ્યુનિકેશનના પરાવર્તનનો પ્રચંડ પરિચય. ગાંધીનું નામ સાંભળતાજ અન્યાય સામે ઝઝૂમતો એક સૂકલકડી લાકડીધારી વૃદ્ધવ્યક્તિ એવું ગાંધી બ્રાન્ડ પ્રચલિત થયું. ચશ્માં જાણે ગાંધીની સ્વછતાનો સંદેશ. વૈષ્ણવજનતો તેને કઈએ ભજન બન્યું ગાંધી જન બ્રાન્ડ ભજન, સત્ય અને અહિંસા વિશ્વ માનવનું બ્રાન્ડ પ્રત્યાયન, ખાદી બની વિચાર વસ્ત્ર, સાદું જીવન અને ઉચ્ચ વિચારો 'ગાંધી જીવન શૈલી બ્રાન્ડ '. મારું જીવન એજ મારો સંદેશ માસ્ટર પ્રત્યાયક ના માસ્ટર આદેશનું બ્રાન્ડ. ગાંધી સંપૂર્ણ રીતે નખશીખ ,મન,વચન,કર્મથી સમગ્ર અસ્તિત્વથી માનવીય મૂલ્યોના સફળ ‘સમૂહ પ્રત્યાયક’ બની માત્ર ભારતને જનહીં સમગ્ર માનવજાતને વિશ્વને દોરતા રહ્યા. જ્યારે જ્યારે વિશ્વ આંધી માંસ પડાશે ત્યારે ગાંધી રક્ષણ માટે તૈયાર છે તે કોમ્યુનિકેશનના સંદેશા, 'ગાંધી સિર્ફ અતિત નહીં ભવિષ્ય ભી હૈ. ભવિષ્ય ભી હૈ’ નાપડઘા પાડી રહ્યાછે.

# સ્વચ્છ ભારત



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

" સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત"

સ્વસ્થ રહેવા માટેની પહેલી શરત એ સ્વચ્છતા છે અને સ્વસ્થ શરીર હોયતો જ શારીરિક – માનસિક વિકાસ શક્ય બને. એવી જ રીતે દેશને સ્વસ્થ બનાવવો હોયતો સ્વચ્છતા જાળવવી એ પહેલી શરત છે. બુધ્ધિશાળી અને કૌશલ્યસભર મનુષ્યો એ દેશની સંપતિ છે. પણ બુધ્ધિનો અને કૌશલ્યોનો વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે વ્યક્તિ શારીરિક રીતે સ્વસ્થ હોય. ગંદકી એ અનેક રોગોનું મૂળ છે. મિત્રો ગંદકીની કોઇ વ્યાખ્યા ન હોય , ગંદકી એ શબ્દ સાંભળતા જ આપણા ચહેરાના હાવભાવ બદલાઇ જાય છે. 'સ્વચ્છ ભારત' એ ગાંધીજીનું સ્વપ્ન અને આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનો એ સ્વપ્ન સાકાર કરવા માટેનો અથાગ પ્રયત્ન. દેશના વિકાસનું કોઇપણ કાર્ય માત્ર વિચારવાથી કે કાયદો બનાવવાથી શક્ય બનતું નથી પણ એ કાર્યમાં જ્યારે દેશનો દરેક નાગરિક જોડાય, કાર્યની મશાલ હાથમાં લેનારને જ્યારે દરેક નાગરિકનો સાથ સહકાર મળી રહે તો જ શક્ય બને છે અને ભારતના વફાદાર નાગરિક હોઇએ તો એ આપણી ફરજ છે કે આપણે આ કાર્યમાં પૂરેપૂરો ફાળો આપીએ.

આપણે સ્વચ્છ ભારતના પોસ્ટરો બનાવીએ છીએ, વાંચીએ છીએ , જાહેરાતો જોઇએ છીએ , ગીતો સાંભળીએ છીએ , શાળામાં એના ઉપર નાટકો તૈયાર કરાવીએ છીએ, સ્પર્ધાનું આયોજન કરીએ છીએ , ઘણુબધુ કરીએ છીએ પણ માત્ર વાહ-વાહ મેળવવા માટે. **Slogan** લખવામાં નંબર આવ્યો , સ્પર્ધામાં નંબર આવ્યો , સ્વચ્છતાના **dance** માં નંબર લાવ્યા એટલે આપણે ખુશ. **' Toilet – ek Prem Katha'** જોવા જઇએ અને ફેસબુકમાં **check in** મુકીએ કે **I am watching 'Toilet ek Prem katha' at this cinema.** એમ લખીને આપણે આપણું **status** બનાવીએ છીએ. પણ ફિલ્મ માંથી ખરેખર જે **message** મેળવવાનો છે તે નથી અનુશરતા. ખરેખર તો કોઇપણ સુધારાની શરૂઆત પોતાનાથી જ થવી જોઇએ. કારણકે આખરે તો સ્માજ વ્યક્તિનો બનેલો છે. ઉપદેશ આપવા સહેલા છે પણ એનું અનુકરણ અઘરું છે. જ્યાં સુધી દરેક વ્યક્તિ સ્વચ્છતા માટે પોતે જવાબદાર નહી બને ત્યાં સુધી આ અભિયાન સફળ બને જ નહિ. તો એક ભારતીય નાગરિક તરીકે ગાંધીજીએ ચીંધેલા માર્ગ પર ચાલવું અને ગાંધીજીના સ્વપ્નને સાકાર કરવું એ મારી અને આપણા સૌની **pious duty** છે. મા-બાપ પોતાના બાળકનો ઉછેર કરે છે, ભાણાવે - ગણાવે છે તોય એના બદલામાં પોતાના સંતાનો પાસેથી કેટકેટલીયે અપેક્ષાઓ રાખે છે. જ્યારે ગાંધીજીએ તો દેશને સ્વતંત્રતા અપાવવામાં પોતાનું જીવન

સમર્પિત કર્યું છે ત્યારે એમનું નાનકડું છતાં મહત્વનું સ્વપ્ન 'સ્વચ્છ ભારત' નું છે એ આપણે સાકાર નહિ કરીએ ? 2 જી ઓકટોબર એટલે કે ગાંધી જયંતિના દિવસે આપણે આપણી આ નાનકડી જવાબદારીને સ્વીકારીશું તો સાચા અર્થમાં ગાંધીબાપુને શ્રધ્ધાંજલી આપી એમ કહેવાય. ગાંધીજી જ્યારે પણ ક્યાંય કચરો જોતા ત્યારે બીજાને સલાહ ન આપતા પણ પોતે જાતે જ સાફ કરી લેતા. એમાં એ નાનપ ન્હોતા અનુભવતા અને એ રીતે વગર બોલે બીજાને સ્વચ્છતાના પાઠ ભણાવતા. આ રીતે તેઓ સ્વચ્છતાના આચરણનું શ્રેષ્ઠ ઉ.દા. પુરુ પાડતા.

દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે. (1) પ્રેમથી (2) ભયથી (3) લાલચથી . ભય અને લાલચથી કામતો કરાવી શકાય છે પણ તેનાથી વ્યક્તિમાં સંસ્કાર કેળવી શકતા નથી. તે થોડા સમય પૂરતુ જ હોય છે. જ્યારે પ્રેમથી કેળવેલી કોઈપણ આદત સંસ્કારમાં પરિણમે છે. હું એક શિક્ષિકા છું. મારે પણ મારા વિધાર્થીઓમાં સ્વચ્છતાના સંસ્કારના બીજ વાવવાના છે. જે હું ભયથી કે લાલચથી નહિ પણ પ્રેમથી એ સંસ્કાર કેળવીશ કે જેથી દરેક જગ્યાએ મારી ગેરહાજરીમાં પણ તેઓ સ્વચ્છતાના નિયમોનું પાલન કરે. બાળકોતો આવતી કાલનું ભવિષ્ય છે. જો અત્યારથી જ બાળકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવશે તો ભવિષ્યમાં સ્વચ્છતા અભિયાનો ચલાવવા નહિ પડે. ભારત એક સ્વચ્છ , સુઘડ અને સુંદર દેશ બની રહેશે. આ માટેનું ઉત્તમ ઉ.દા. આપી શકાય એવી નાનાભાઇ ના જીવનની એક ઘટના યાદ આવે છે. નાનાભાઇ ગાંધીજીના જીવનથી પ્રેરિત હતા. શિક્ષણ ક્ષેત્રે નાનાભાઇનું મહત્વનું યોગદાન છે. ભાવનગરની દક્ષિણામૂર્તિ શૈક્ષણિક સંસ્થાના તેઓ સંચાલક હતા. એક દિવસ છાત્રાલયના ઉપરના માળની ઓરડીમાં તેઓ પોતાનું કામ કરી રહયા હતા. તે સમયે નીચેથી કંઇક રકઝકનો અવાજ આવ્યો. મહાદેવજી જે છાત્રાલયના ગૃહપતિ હતા તેઓ કેટલાક વિધાર્થીઓને વઢી રહયા હતા, ધમકાવી રહયા હતા. નાનાભાઇએ મહાદેવજીને ઉપર બોલાવ્યા. મહાદેવજી ઉપર આવ્યા એટલે નાનાભાઇ કહે "મહાદેવ તમે ગૃહપતિ છો જમાદાર નથી." મહાદેવજીએ કહયું " કેટલીવાર કહેવા છતાં આ વિધાર્થીઓ વખતસર છાત્રાલયની સફાઇ કરતા જ નથી." નાનાભાઇએ કહયું "મેં તમને છાત્રાલયની સફાઇ કરાવવારાખ્યા નથી, વિધાર્થી આપમેળે છાત્રાલય સાફ કરતા થાય તેવી રીતે કેળવણી આપવા રાખ્યા છે." છાત્રાલયતો રૂપિયા આપીને પણ સાફ કરાવી શકું છું. તમને હું પગાર આપુ છું તે છાત્રાલય સાફ રાખવવાના નહિ, બાળકો છાત્રાલય સાફ રાખતાં શીખે તે માટે." જે ડઝન પુસ્તકો વાંચીને ન શીખી શક્યા એ સ્વચ્છતાનો પાઠ મહાદેવજી નાનાભાઇ પાસેથી થોડીક ક્ષણોમાં શીખી ગયા.

'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ લગભગ બધી જગ્યાએ કચરાપેટીઓ ઉપલબ્ધ કરાવી છે , જાહેર સ્થળોએ , રોડ પર, ગામડે - ગામડે શૌચાલયો ઉભા

કર્યા છે. આપણે સૌ જો તેનો માત્ર ઉપયોગ કરતા શીખીએ તો પણ સ્વચ્છ ભારત અભિયાનમાં આપણું યોગદાન મહત્વનું ગણાશે. સ્વચ્છતા જાળવવી એ આપણી સામાજીક જવાબદારી અને નૈતિક ફરજ છે.

" સ્વચ્છતા એ જ પ્રભુતા". **So "lets join hands together to keep our environment clean."**



# બીજાના વિનાશની ઈચ્છા ઘાતક


પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક


એવું કહેવાય છે કે માણસથી મન, કર્મ, વચનથી પણ કોઈ પાપ ન થવા જોઈએ. પરંતુ માનવજાત માટે આ રીતનું નિષ્પાપી રહેવું ખૂબ કઠિન છે. ક્યાંક ને ક્યાંક જાણતાં - અજાણતાં બીજાના દોષો જોયા વગર રહેવાતું નથી. દોષો ને દોષો ન ગણતાં અભ્યાસ માટેનું માર્ગદર્શન ગણવામાં આવે તો માનવ જાતનો જરૂર ઉધ્ધાર થાય.

પરંતુ માનવના મનમાં સળવળતો બીજાના વિનાશનો કીડો ક્યારેક ખુદનું અધ:પતન નોતરે છે. ઉપરાંત માણસને હલકો પણ બનાવે છે.

મહર્ષિ દધીચિનો પુત્ર પિપલાદ મહાન તપસ્વી હતો. એકવાર ભગવાન શંકરે તેની ઘોર તપસ્યાથી પ્રસન્ન થઇ વરદાન માંગવાનું કહયું.

પિપલાદે બદલાની ભાવના થી પ્રેરાઈને તેમને કહયું : "ભગવાન , દેવતાઓએ મારા પિતા મહર્ષિ દધીચિના હાડકાં માંથી વજ્ર બનાવ્યું હતું. તે લોકો ખૂબજ સ્વાર્થી છે. હું તેમનો બદલો લેવા ઈચ્છું છું. ભગવાન , તમેં તમારું ત્રીજું નેત્ર ખોલીને તેમને ભસ્મ કરી નાખો."

ભગવાન શંકરે તથાસ્તુ કરીને પોતાનું ત્રીજું નેત્ર ખોલ્યુંકે પિપલાદનું આખું શરીર સળગવા લાગ્યું. તે વ્યાકુળ થઈને બોલ્યો. " આ શું પ્રભુ ! આગએ તો મને જ લપેટમાં લેવાનું શરૂ કર્યું."

ભગવાન શંકર બોલ્યા " પિપલાદ બીજાનો વિનાશ ઈચ્છવા વાળાનો વિનાશ જરૂર થાય છે . તે આ સૃષ્ટિનો અટલ નિયમ છે."

પિપલાદ બોલ્યો , પ્રભુ બંધ કરી દો તમારું ત્રીજું નેત્ર . હવે હું દેવતાઓનો વિનાશ નથી ઇચ્છતો. હું તેમના મંગળની ઈચ્છા કરું છું. " ભગવાન શંકરે તેને આશીર્વાદ આપ્યા."

કહેવાનો તાપ્યર્ય એટલો જ કે બીજાનો વિનાશ કરવામાં ખુદનો વિનાશ બાકાત રહી ન શકે. વિનાશની ઈચ્છાથી તપ કરવું તે દાનવતાનો અને આસુરી શક્તિની નિશાની છે. સૌનું ભલું ઈચ્છીએ તેવી શક્તિ આપણને ઈશ્વર બક્ષે તેવી મંગળ કામના.

# નવરાત્રિના બદલાતા તેવર



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

માં શક્તિની આરાધનાના પવિત્ર દિવસો એટલે નવલી નવરાત્રિ. માં જગદંબા પાસે શક્તિ, સરસ્વતિ અને લક્ષ્મી માંગવાના આ દિવસો માંગલિક છે. ભક્ત જનો ખરા હદયથી આ દિવસોમાં અનુષ્ઠાન કરી આધ્યાત્મિક આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરતાં હોય છે.

જે રીતે નાનું બાળક પોતાની માં પાસે કાલાવાલા કરી નિર્દોષ અને સરળ બની જે કાંઇ વસ્તુની માંગણી કરે તેની તે માંગણી પૂરી કરવા માં કોશિશ કરે છે . તેવી રીતે ખરા હદયથી જગત જનની પાસે સ્વાર્થ રહિત મૂકેલી માંગણી પણ પૂર્ણ થતી હોય છે. કરેલી તપસ્યા ફોગટ જતી નથી. જે રીતે દાનવોએ પણ શક્તિ પ્રાપ્ત કરવા માં ની આરાધના કરીતો તે પ્રચંડ શક્તિનું વરદાન મેળવી શક્યા. આસુરી વૃતિ પણ તપના સહારે પોતાનું ધાર્યુ ધ્યેય પ્રાપ્ત કરી શકે છે.

મૂળ તો નવરાત્રિ માં કેન્દ્ર સ્થાને માં નું સ્થાન હોય અને તેની આજુબાજુ ગોળ ફરતે ગરબા ગવાતા હોય પરંતુ સમય બદલાતાં પ્રાચીન ગરબાઓનું સ્થાન હવે અર્વાચીન ગરબાએ લીધું છે. સમયાનુસાર પરિવર્તન આવશ્યક છે પરંતુ આજકાલ નવરાત્રિમાં માં નું સ્થાન એકબાજુ અને ખેલયાઓ બીજી બાજુ ઘૂમ્યા કરે છે. આજની નવરાત્રિ કોમર્શીયલ બનતી જાય છે.

મોટા શહેરોમાં ગરબા રમવા માટે પણ ફી ચૂકવવી પડે છે. જીમખાના, રોટરી કલબો જાણે વેપારના હાટડા બનતા જાય છે. દેખાદેખીના લીધે નવરાત્રિ માં યુવાવર્ગ શક્તિની ઉપાસના કરવાને બદલે પોતાનું શારીરિક કૌવત હરિફાઇ જીતવામાં વાપરે છે.

મોડી રાત સુધી રમાતી ગરબીઓમાં દિવસેને દિવસે અનિષ્ટ તત્વો વધતા જાય છે. તેને નિયંત્રણ રાખવા માટે સરકાર નવરાત્રિમાં સુરક્ષા બાબતે ગાઇડ લાઇન જાહેર કરે છે. આ શું બતાવે છે ? ગુજરાતીઓ ગરબા પ્રેમી હોય એ વાત ખરી પણ સાથો સાથ નવરાત્રિની ગરિમાને ધકકો ન પહોચે એટલા માટે કડક નિયમો બનાવાય છે. તેનું કેટલે અંશે પાલન થાય છે તે તો સમય જ બતાવશે.

એક બુધ્ધિશાળી માનવે ખરેખર વિચારવું જોઇએ કે નવરાત્રિ ઉપાસના ધર્મ અને વિજ્ઞાનને સાથે લઇને કરવામાં આવશે તો જ ધાર્મિક વૃતિ સમાજમાં ટકી શકશે અનિષ્ટ તત્વોનો આપોઆપ નાશ થશે. માં જગદંબા પાસે શુધ્ધ બુધ્ધિ અને શક્તિ, વિધા માંગીએ.

# ચાર ખાડા



એસ.એસ.ભગોરા
માધ્યમિક શિક્ષક

કહેવાય છે કે આ જગતમાં ચાર ખાડા એવા છે જેને ભરવાનો ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ ભરી ના શકાય. પાછા ખાલીને ખાલી થઈ જાય.

(૧) પેટનો ખાડો

પેટમાં આજે સારામાં સારી વાનગી ઠાંસી ઠાંસી ને ભરી હોય પણ બીજા દિવસની સવાર પડતા જ પેટ ખાલી. આજ સુધી પેટમાં કેટલી રોટલી ગઈ? પણ સવાર પડે એટલે એકેયનું બેલેન્સ ન હોય.

(૨) દરિયાનો ખાડો

દરિયામાં ગમે તેટલી નદીઓ ઠલવાય પણ દરિયાએ ક્યારેય એમ નથી કહયુ કે બસ કરો હવે હુ ધરાઈ ગયો છું. જેટલીનદીઓ આવે એ પોતાના માં સમાવે જ જાય છે.

(૩) સ્મશાનનો ખાડો

સ્મશાનમાં ગમે તેટલી લાશ આવે તોય સ્મશાનની બહાર ક્યારેય હાઉસફુલ નું પાટિયુ લાગતુ નથી.

(૪) લોભનો ખાડો

પહેલા ત્રણ ખાડાને ટપી જાય એવો આ ચોથો ખાડો છે.

જેની પાસે એક ફૂટી પાઈ પણ નથી એને એમ થાય કે આપણને સો રૂપિયા મળી જાય તો બસ. જેને સો મળ્યા છે તે હજારની ઈચ્છા કરે. હજાર વાળો લાખની, લાખ વાળો કરોડની ને કરોડ વાળો અબજની ઈચ્છા રાખે છે. નોકરને શેઠ બનવાની ઈચ્છા થાય ,શેઠને રાજા બનવાની અને રાજા ને ચક્રવર્તી , ચક્રવર્તીને દેવ બનવુ છે અને દેવને ઈન્દ્ર બનવું છે. છેલ્લે ઈન્દ્ર પણ મળયા પછી પણ જીવને જરાય સંતોષ નથી.

માણસને જેમ જેમ લાભ થાય તેમ તેમ લોભ વધે છે. ધરતીનો છેડો મળી શકે , આકાશનો અંત આવે શકે, દરિયાનો તાગ પામી શકાય પણ ઈચ્છાનો ધ એન્ડ નથી આવતો.

તો મિત્રો ચાલો આ વાતને એક નાનકડી વાર્તા દ્વારા સમજીએ – ગામડાનો માણસ શહેરમાં જતો હતો. જતા પહેલા તેના મિત્રને સલાહ આપતા કહયુ કે શહેરમાં કોઈ પણ વસ્તુ લે તો ભાવતાલ બરાબર કરજે. શહેરમાં અજાણ્યા માણસોને લૂંટી લેતા હોય છે માટે દુકાનદાર જે ભાવ કહે તેનાથી અડધાજ આપણે કહેવા. ગાંઠ વાળીને ગામડાનો માણસ શહેરમાં આવ્યો. એક દિવસ ચપ્પલ લેવા એક દુકાને ગયો.

ચપ્પલના કેટલા પૈસા ? દુકાનદારે કહયું ૪૦ રૂપિયા માણસ કહે લૂટો નહી રૂપિયા ૨૦ માં આપો. નવો ધરાક સમજી દુકાનદાર રૂપિયા ૨૦ માં આપવા તૈયાર થયો.તે કહે રૂપિયા ૧૦ માં આપો. દુકાનદારને હસવુ આવ્યુ. એણે રૂપિયા ૧૦ માં આપવાની હા કહી. તો ગામડાનો માણસ કહે ૫ માં આપો , પાંચના અઢી થયા અને અઢીના સવા થયા , સવામાં ચપ્પલ આપવા એના કરતા મફતમાં ન આપુ... એમ સમજી દુકાનદારે કહયું મફતમાં લઇ જા. દુકાનદાર એક જોડી ચપ્પલ મફતમાં આપવા તૈયાર થયો. તો ગામડાનો માણસ કહે બે જોડી આપોને !

આનુ નામ લોભને થોભ હોતો નથી . દુનિયાના ખાડા માટીથી પૂરી શકાય પણ લોભનો ખાડો વિચિત્ર છે. લોભના ખાડાને રૂપિયાથી ભરવા જઈએ એટલે એ ખાડો વધુ ને વધુ ઉંડો થઈ જાય છે. આખી જિંદગી સુધી આ ખાડાને રૂપિયાથી ભરવાના પ્રયત્ન કરશો તો જિંદગી પૂરી થઈ જશે પણ ખાડો નહી પુરાય. માટે લોભના ખાડાને પૂરવાને બદલે સંતોષના ઢાંકણાથી ઢાંકી દેવો જોઈએ.

# પુનર્જન્મ અને કર્મફળ



પિયુષભાઈ આહીર
મોટીવેશન સ્પીકર
ભગુડા (મોગલ ધામ)

પુનર્જન્મ એ ધાર્મિક અને દાર્શનિક માન્યતા છે, જેમાં માનવ આત્મા અથવા ચેતના એક જીવનના અંત પછી નવા શરીરમાં જન્મે છે. તે ઘણી સંસ્કૃતીઓમાં જોવા મળે છે, જેમ કે હિન્દુવાદ, બૌદ્ધવાદ અને જૈનત્વ.

આ માન્યતા અનુસાર, માનવ આત્મા પહેલા કર્યા હિત અને અહિત કાર્યો (કર્મો)ના આધારે નવી માનવ સ્વરૂપમાં જન્મ લે છે. પુનર્જન્મનો સિદ્ધાંત જીવનને એક ચક્ર તરીકે જોવાની દૃષ્ટિ પ્રદાન કરે છે, જ્યાં આત્મા અનેક જીવનનાં અનુભવો મેળવે છે અને આધ્યાત્મિક વિકાસ માટે યત્ન કરે છે.

હિંદુ ધર્મમાં કર્મ અને ફળ ના સિદ્ધાંતનો ઊંડો અર્થ છે. કર્મ એ વ્યક્તિના ક્રિયા, વિચારો અને વ્યવહારને દર્શાવે છે, જ્યારે ફળ એ આ કર્મોના પરિણામો છે, જે હાલના જીવન અથવા ભવિષ્યના જીવનમાં પ્રગટ થાય છે.

કર્મ:

કર્મનો અર્થ છે ક્રિયા કે કૃત્ય. માન્યતા મુજબ, દરેક મનુષ્યના હવન, દાન, સેવાકાર્ય, અને રોજિંદી ક્રિયાઓ તેની જાતને અને જગતને અસર કરે છે. કર્મને ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવે છે:

1. **સંચિત કર્મ:** એ આપણા તમામ ભૂતકાળના કર્મોનું સંગ્રહ છે, જે ભવિષ્યમાં ફળ આપશે.
2. **પ્રારબ્ધ કર્મ:** એ ભાગ છે જે આપણને હાલના જીવનમાં અનુભવી રહ્યો છે. આ પ્રારબ્ધને બદલી શકાતું નથી.
3. **આગામિ કર્મ:** એ કર્મો છે જે આપણે હાલના જીવનમાં કરી રહ્યા છીએ અને જે ભવિષ્યમાં ફળ આપશે.

ફળ:

ફળ એ આપણા કર્મોનું પરિણામ છે. હિંદુ ધર્મમાં આ માન્યતા છે કે દરેક કર્મનું નક્કી ફળ મળે છે. સારા કર્મોનું ફળ સુખ, સમૃદ્ધિ, અને શુભતા હોય છે, જ્યારે ખરાબ કર્મોનું ફળ દુઃખ, કષ્ટો, અને અવગતિ સ્વરૂપે મળી શકે છે. ફળ પ્રત્યક્ષ રીતે તત્કાળ નહીં પણ ક્યારેક પાછળના જન્મોમાં પણ અનુભવી શકાય છે.

કારણ-પ્રભાવનો નિયમ:

કર્મ-ફળનો સિદ્ધાંત કારણ અને પ્રભાવના સિદ્ધાંત પર આધારિત છે. જેમના કર્મ સારા છે, તેઓ જીવનમાં સુખ અને સફળતા પ્રાપ્ત કરે છે, જ્યારે જેમના કર્મો નકારાત્મક છે, તેઓ મુશ્કેલીઓ અને દુઃખનો સામનો કરે છે.

આ સિદ્ધાંત માન્ય કરે છે કે આપણું ભવિષ્ય આપણા હાથે છે અને સારા કર્મો કરીને આપણે જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી શકીએ.

કર્મ અને ફળનો હિંદુ દર્શનમાં વિશાળ વ્યાપ છે અને આ માન્યતાઓ જીવનના પ્રત્યેક પાસા પર લાગુ પડે છે. એ માન્ય છે કે જે કોઈ પણ કર્મ (સારા કે ખરાબ) કરીએ છીએ, તે કોઈ પણ સમયે (આ જીવનમાં કે આગામી જન્મોમાં) નક્કી કરેલા ફળ લઈને પાછું આવે છે. અહીં વધુ ચર્ચા છે:

1. કર્મનો અભાવ અને દૃષ્ટિ

શ્લોક: "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि।।

**નિશ્કામ કર્મ:** ભગવાન શ્રી કૃષ્ણે ભગવદ ગીતા માં એ સમજાવ્યું છે કે "કર્મ કર, પરંતુ ફળની આશા વિના." આ સિદ્ધાંતને નિશ્કામ કર્મ યોગ કહેવામાં આવે છે. કોઈપણ કામ કરો, પણ તેમાંથી શું મળશે તેની ચિંતા કર્યા વિના, પૂરેપૂરું ભક્તિભાવથી કરવાનું કહ્યું છે.

સ્વધર્મ: દરેક વ્યક્તિનો જન્મ કોઈ ખાસ કૃત્ય માટે થાય છે, જેને "સ્વધર્મ" કહે છે. આપણી જવાબદારીઓમાં નિષ્ઠાવાન રહેવું અને શ્રદ્ધાપૂર્વક પોતાનું કર્તવ્ય પાલન કરવું એ વ્યક્તિના જીવનનું મુખ્ય ધ્યેય છે.

2. ફળનો સ્વરૂપ અને સમય

અત્યારે નહીં તો ભવિષ્યમાં: હિંદુ શાસ્ત્રોમાં કહેવામાં આવે છે કે વ્યક્તિને કર્મોનું ફળ તરત જ મળી શકે છે, પણ ક્યારેક તે ફળ આ જીવન પછીના જન્મમાં પણ અનુભવવું પડે છે. આથી, બધા કર્મોનો પ્રભાવ તાત્કાલિક જણાતો નથી, અને આ કર્મોના ફળ ભવિષ્યમાં ફળશે.

ફળનું સ્વરૂપ: સારા કર્મો માટે સુખ, સમૃદ્ધિ અને આત્મિક શાંતિ મળે છે, જ્યારે ખરાબ કર્મો માટે દર્દ, તકલીફો અને અપ્રસન્નતા આવે છે. જેવું બીજ વાવશો, તેવું ફળ મળશે.

3. પુનર્જનમ અને કર્મ ચક્ર

"जातस्य हि ध्रुवा मृत्युः ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्त्ते न त्वं शोचितुमर्हसि।।"

पुनर्जन्म के सिद्धांत पर आधारित भगवद गीता के कुछ महत्वपूर्ण श्लोक निम्नलिखित हैं:

"वासांसी जिर्णानि यथा विहाय नवानि गृहाति नवानि संजयति।
तथा शरीराणि विहाय जिर्णानि यथा नवानि गृहाति नवानि संजयता।

पुनर्जनम:

હિંદુ ધર્મમાં પુનર્જન્મનો સિદ્ધાંત મહત્વપૂર્ણ છે. કહેવામાં આવે છે કે આત્મા અમર છે અને શરીર મરે છે, પરંતુ આ આત્મા જુદા-જુદા જન્મ લઈને આ કર્મોને ભોગવે છે. જીવનમાં કરેલા કર્મોનો ફળ આત્માને અગર પરમાત્મા સાથે એકરૂપ થવામાં અને મોક્ષ પ્રાપ્ત કરવામાં સહાય કરે છે.

કર્મ ચક્ર: આ ચક્રએ દર્શાવ્યું છે કે જો લોકો જીવનમાં બુરા કર્મ કરે છે, તો તેમને આ ચક્રમાં વારંવાર જન્મ લેવો પડે છે અને તેના કારણે દુઃખમય જીવન ભોગવવું પડે છે. સારા કર્મો દ્વારા આ ચક્રમાંથી મુક્તિ મેળવી શકાય છે.

પુનર્જન્મની ધારણા વૈશ્વિક સંસ્કૃતિઓમાં અલગ-અલગ રીતે આવકારવામાં આવે છે, પરંતુ તેના કેટલાક સામાન્ય તત્વો છે:

1. કારણ અને પરિણામ (કર્મ)

કર્મના નિયમ: પુનર્જન્મનો મૂળભૂત તત્વ છે કર્મનો નિયમ, જે મુજબ વ્યક્તિના આચરણો (હિત અને અહિત) તેના પુનર્જન્મને અસર કરે છે. જેણે સારા કર્મો કર્યા છે તે ઉંચા જન્મમાં જન્મે છે, જ્યારે ખરાબ કર્મો માનવીને નીચા જન્મમાં લઈ જાય છે.

2. જીવનનો ચક્ર

જીવન, મરણ અને પુનર્જન્મ: આ પ્રવૃત્તિ જીવનને સદાબહાર વર્તુળમાં જોયું છે, જ્યાં આત્મા એક જીવનમાંથી બીજામાં પસાર થાય છે. આ પ્રક્રિયાને "સંસાર" કહેવામાં આવે છે.

3. આધ્યાત્મિક ઉદ્દેશ

મોક્ષ અથવા નિર્વાણ: પુનર્જન્મનો અંત અને આ ચક્રમાંથી મુક્ત થવાનો ઉદ્દેશmoksha (હિન્દુત્વમાં) અથવા નિર્વાણ (બૌદ્ધવાદમાં) પ્રાપ્ત કરવો છે. આનો અર્થ છે આ આત્માને પરિપૂર્ણતા પ્રાપ્ત થવી અને પીડાના ચક્રમાંથી બહાર નીકળવું.

4. વિવિધ માન્યતાઓ

હિન્દુત્વ: હિન્દૂ ધર્મમાં, આત્મા (આત્મા) અમર છે અને દરેક જીવોની પોતાની પ્રવૃત્તિઓ (કર્મ) અનુસાર પુનર્જન્મ થાય છે.

બૌદ્ધવાદ: બૌદ્ધ ધર્મમાં, પુનર્જન્મનું સ્વરૂપ "પદ્ધતિ" તરીકે ઓળખાય છે, અને અહીં આત્મા નથી, પરંતુ દ્રષ્ટિકોણ અને અનુભવના તત્વો (સ્કંધ) પુનર્જન્મમાં બદલે છે.

જૈનત્વ: જૈન ધર્મમાં, આત્મા દ્વારા કર્મો બંધાય છે, અને નિર્ભીકર્તા માટે તેની સ્વતંત્રતા મેળવવા માટે અત્યંત કાળજીપૂર્વક આચરણ કરવાની આવશ્યકતા છે.

### 5. સામાજિક અને સાંસ્કૃતિક અસર

સામાજિક વર્ગીકરણ: કેટલાક સંસ્કૃતિઓમાં, પુનર્જન્મને આધારે લોકોને તેમની સામાજિક સ્થિતિ પણ નિર્ધારિત થાય છે, જે તેમનાં સાનુકૂળ અથવા અસંમત જીવન તરફ દોરી શકે છે. પુનર્જન્મ એક ગંભીર અને વિચારશીલ વિષય છે, જે જીવનના અર્થ, નૈતિકતા, અને આધ્યાત્મિક વિકાસ સાથે સંબંધિત છે. તમારા વિચાર અથવા સંબંધિત કોઈ ખાસ મુદ્દા વિશે ચર્ચા કરવા માંગો છો?

### 4. સમાન્વય:

સમાજ અને પર્યાવરણ પર પ્રભાવ: આપણા કર્મો માત્ર વ્યક્તિગત જીવન પર નહીં, પરંતુ સમાજ પર પણ અસર કરે છે. સારા કર્મો દ્વારા પર્યાવરણ, સમાજ અને સમાજના લોકો પર સકારાત્મક અસર થાય છે. સૌહાર્દ અને બલિદાન: સારા કર્મના ભાગરૂપે અન્ય લોકોની મદદ, સેવા અને બલિદાનની ભાવનાને મહત્વ આપવામાં આવે છે.

### 5. કર્મના ઉદાહરણો:

પ્રકાશિત કર્મ: જેમકે કોઈ ભલાઈનું કાર્ય કરવું, ઘરના મોટાઓની સેવા કરવી, કાયદાનું પાલન કરવું, અને અન્ય લોકોની મદદ કરવી. આ કર્મોનો સકારાત્મક પ્રભાવ થાય છે.

### 6. અંધકારમય કર્મ:

જેમકે આળસ, તમસિકતાવાળા કાર્યો, ધન લૂંછવું, ઈર્ષ્યા, કે ક્રોધ. આવા કર્મોનું ફળ નકારાત્મક જ આવે છે.

કર્મ અને ફળની આ પ્રક્રિયા આધ્યાત્મિક દ્રષ્ટિએ વ્યક્તિના જીવનને મૂલ્યવાન બનાવે છે, જેનાથી આત્મવિશ્વાસ, ધીરજ અને સુખમય જીવન જીવી શકાય..

## શાળાની પ્રવૃત્તિઓ






સ્વચ્છતા હી સેવા
અંતર્ગત
શપથ
અને
સ્વચ્છતા
અભિયાન









સ્વચ્છતા અભિયાન
શિક્ષકદિનની ઉજવણી

## યુવક મહોત્સવ



## શાળાના વિદ્યાર્થીઓની પ્રતિભા



## વિજ્ઞાન મેળામાં શાળાના વિદ્યાર્થીઓની પ્રતિભા



## વેસ્ટ માંથી બેસ્ટ અને ચિત્ર સ્પર્ધા












## અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ સા.વિજ્ઞાનના પ્રોજેકટ



















## વિકાસ સપ્તાહની ઉજવણી

## નવરાત્રી ઉત્સવ



# વિશેષ






શ્રી અજયભાઈ ઠાકોર(જુ.એન્જી.મેકેનીક-એ.ટી.પી.એસ.)ના ધર્મપત્નિ દ્વારા
ગણેશ ઉત્સવ વખતે જી.એમ.ડી.સી.ની થીમ પર તૈયાર કરવામાં આવેલ આરતીની થાળી



પાનાન્ધ્રો પ્રોજેક્ટ ખાતે ફરજ બજાવતા શ્રી સાગરભાઈની
વર્માનગર કોલોની ખાતે સાપ પકડવાની નિસ્વાર્થ સેવા



